**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૮ ડીગ્રી
લઘુતમ : ૧૨.૬ ડીગ્રી
ભેજ
સવારે ૪૭ ટકા ● સાંજે ૮૭ ટકા

# શહેરમાં રોજ ૭૦ કિલો શિંગોડાનું વેચાણ

## શહેરમાં કાચા શિંગોડા ૬૦ રૂપિયે અને બાફેલા ૮૦ રૂપિયે કિલો વેચાય છે

ગાંધીનગર, તા.૧૧

શિયાળો આવતાની સાથે જ શિંગોડા શહેરમાં ઓન ડિમાન્ડ છે. શહેરમાં બાફેલા શિંગોડા ૮૦ રૂપિયે કિલો વેચાઈ રહ્યા છે. અને કાચા ૬૦ રૂપિયે કિલો વેચાઈ રહ્યા છે. શહેરમાં કાચા શિંગોડાને તૈયાર કરીને વેચતા શિંગોડાના વેપારીના કહ્યા અનુસાર દરરોજના લગભગ બે કટ્ટા શિંગોડાનું વેચાણ તેમના દ્વારા કરાય છે.

શિયાળાની ઋતુ આવતા જ લીલા શાકભાજીથી લઈ ખાસ ફળોની ખરીદી શહેરીજનો દ્વારા કરવામાં આવતી હોય છે. આમળા, લીલી હળદર, લીલીમેથી, લીલું લસણ, લીલી ડુંગળી જેવા વિટામીન આપતા ફળ અને સાથે સાથે શિંગોડા અને બોર દરેકના પસંદગી ધરાવતા ફળ છે. શહેરમાં શિયાળાના આગમનની સાથે શિંગોડાનું વેચાણ ધમધોકાર થઈ રહ્યું છે. શહેરમાં શિંગોડાનું વેચાણ કરતા વેપારી વિક્રમભાઈના કહ્યા અનુસાર તેઓ અને તેમના પિતા ઘણા વર્ષોથી શિંગોડાનો વેપાર શહેરમાં કરે છે. એક કટ્ટામાં ૫૦ કિલો એમ બે કટ્ટા જેટલું વેચાણ તેઓ કરે છે. દરરોજ સો કિલો જેટલા શિંગોડા જાતે બાફીને તેઓ વેચે છે. તેમના ઘરના મહિલાઓ દરરોજ સવારથી સાંજ સુધી બધા શિંગોડા હિરાકણી કલર ભેળવીને વેચે છે. તેમના કહ્યા મુજબ જો કાળો કલર ન ભેળવાય તો ગ્રાહકો શિંગોડા ખરીદતા નથી. ગ્રાહકો ભાવ કરીને પણ શિંગોડા ખરીદી લે છે. કાચા શિંગોડા ૬૦ રૂપિયે કિલો તથા બાફેલા ૮૦ રૂપિયે કિલો એમ શહેરમાં વેચાય છે.





શિંગોડા પાણીની અંદર ઉગે છે. જેનું ઉત્પાદન ખાસ કરીને ભારત તથા બાંગ્લાદેશમાં થાય છે. શિંગોડાના લોટમાંથી પેનકેક, રોટલી, પુરી, બ્રેડ, કુકીઝ બને છે તથા સાથે તે ફરાળી હોવાથી ફરાળની તમામ વાનગીમાં શિંગોડાનો લોટ વપરાય છે. વૈજ્ઞાનિક સંશોધન મુજબ શિંગોડા માનવશરીરમાં એન્ટિ ઓક્સિડન્ટનું કામ કરે છે. યુરીન ઈન્ફેકશન મટાડવામાં મદદરૂપ થાય છે. કફ મટાડવામાં ઉપયોગી છે. હાયપરટેન્શન સામે રક્ષણ આપે છે. બ્લડને શુધ્ધ કરે છે તથા વાળ માટે ઉપયોગી છે.



બિન સચિવાલય કલાર્કની પરીક્ષા રદ કરવાની માંગ સાથે પ્રતિક ધરણાં પર ઉતરેલા સુરતના ચિંતન સાંગાણીની તબિયત ગતરોજ લથડી હતી અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયો હતો. જયાં તેને મેડિકલ વોર્ડ કાતે એડમીટ કરાયો હતો. તે રાત્રિના સમયે હાર્દિક પ્રજાપતિ, રોહિત માળી અને યુવરાજસિંહ ચિંતના ખબર અંતર પુછવા માટે આવ્યા હતા. તે સમયે હાજર અન્ય ઉમેદવારો અને ચિંતનના માતા પિતાએ આ ત્રણેયને ચિંતનને મળવા દીધા ન હતા. જેથી ત્રણેય જણ ખબર કાઢયા વગર હોસ્પિટલમાંથી પરત ફર્યા હતા.


## ઈન્ડિયન લાયોનેસ દ્વારા બંધારણ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૧

આજે ગાંધીનગરના સેકટર-૭માં પી.કે.ચૌધરી આર્ટસ કોલેજ ખાતે ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગર સંસ્થા દ્વારા 'બંધારણ દિન'ની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. જેનું સંકલન ભરત દેસાઈએ કર્યું હતું. કાર્યક્રમમાં ડૉ. ધૈવત શુકલાએ બંધારણ માટેની મૂળભૂત અધિકારમાં કલમ નં. ૧૫ તથા ૧૪ થી ૨૧ની અગત્યતાની સમજ આપી હતી. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરીએ બંધારણ અંગે સમજ તથા ડૉ. આંબેડકર દ્વારા માત્ર કોઈ જાતિ નહિ પરંતુ બાળકો અને મહિલાઓ માટે પણ અનામતના કાયદો ઘડીને તેમના વિકાસનો રસ્તો ખોલ્યો હોવાનું જણાવ્યું હતું.



કાર્યક્રમમાં નિલેશભાઈ ત્રિવેદીએ વિદ્યાર્થીનીઓને કન્ઝ્યુમર એકટ વિશે સમજ આપી હતી જયારે ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગરના પ્રમુખ શિલ્પા દેસાઈએ બંધારણ અંગેની જાગૃતિ વધે તે માટે એક પ્રેઝન્ટેશન પ્રસ્તુત કરી રાષ્ટ્ર પ્રત્યે નાગરિકોની જવાબદારી અંગે પણ વાત કરી હતી. કાર્યક્રમમાં સંસ્થાના નેશનલ સેક્રેટરી કુંપલ દવે, ડેપ્યુટી સેક્રેટરી રશ્મિતા ગોંડલિયા સહિત સભ્યો ભાવના દેસાઈ, સરોજ દવે અને ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગરના પ્રમુખ રાધેશ્યામ યાદવ સહિત પ્રતિક મહેતા, હિતેષ ગોંડલિયા, મંગળસિંહ સોલંકી, ગુલાબચંદ પટેલ, યોગીજી તથા ડૉ. મીના વ્યાસે હાજરી આપી હતી.


પ્રતિ,
મુખ્યમંત્રી ગુજરાત રાજ્ય,
માનનીય શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ, ગુજરાત રાજ્ય,
સવિનય જણાવવાનું કે બિન-સચિવાલય ...
... તા. 17/11/2019 ના ...

ગાંધીનગર સ્વર્ણિમ પાર્ક આંદોલન સ્થળ પર ઉપવાસ પર બેઠેલા ઉમેદવારોએ બિનસચિવાલય પરીક્ષા રદ કરવાની માંગણી સાથે રાજયના મુખ્યમંત્રીને પોષ્ટકાર્ડ લખી વિનંતી કરી છે.

## અસ્થિ વિસર્જન, પ્રાર્થના તથા પુષ્પાંજલિમાં જોડાવવા અપીલ

ગાંધીનગર, તા.૧૧

ઘણા સમયથી અસ્થિ વિસર્જન સેવામાં કાર્યરત સંસ્થા ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા તા. ૧૭ ડિસેમ્બરના રોજ હરિદ્વારમાં અવસાન તથા અગ્નિ સંસ્કાર પામેલ આત્માઓનું અસ્થિ વિસર્જન કરવામાં આવશે.

ગાંધીનગરના અંતિમધામ, સરગાસણ તથા દહેગામ ખાતે તા. ૮ સપ્ટેમ્બરથી ૧૪ ડિસેમ્બર દરમિયાન અવસાન પામેલ અને અગ્નિ સંસ્કાર પામેલ આત્માઓના અસ્થિ તા.૧૭ ડિસેમ્બરના રોજ સવારે ૭.૩૦ થી ૧૦.૩૦ દરમિયાન શહેર વસાહત મંડળ ગાંધીનગર દ્વારા વિસર્જીત કરવામાં આવશે. જે કાર્ય માટે સંસ્થાના ઉલ્લાસ વોરા અને ડીપુભાઈ વોરા સાથે ટીમ હરકી પોઢી જશે. આ કાર્ય અંતર્ગત શહેર વસાહત મંડળ દ્વારા તા. ૧૫ ડિસેમ્બરના રોજ સે-૨૩ સ્થિત અંતિમ ધામ ખાતે સવારે ૯.૧૫ વગ્યે પ્રાર્થના, શ્રધ્ધાંજલિ અને પુષ્પાંજલિ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

તથા ૧૫મી ડિસેમ્બરે સવારે ૧૦.૫૦ કલાકે ગાંધીનગર કેપીટલ રેલવે સ્ટેશનથી હરિદ્વાર મેઈલ દ્વારા સંસ્થાના કાર્યકર અસ્થિ સાથે વિદાય લેશે. આ બંને કાર્યોમાં સૌ નગરજનો, સ્નેહી, સંબંધી, સગાવહાલાઓને ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ અરૂણ બુચ દ્વારા જણાવાયું છે.

## આમળાની વિવિધ બનાવટો અંગે રાજયસ્તરે કાર્યશાળા યોજાઈ

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત ઔષધિય વનસ્પતિ બોર્ડ ગાંધીનગર હસ્તેના ગાંધીનગર સ્થિત સરકારી ઔષધિય વનસ્પતિ ઉદ્યાન ખાતે આમળાની જુદી જુદી બનાવટો બનાવવા અંગે રાજયસ્તરની એક દિવસીય મુલ્યવર્ધન કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યશાળાનો મુખ્ય ઉદ્દેશ સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન ૧૭ જેટલી બિન સરકારી સ્વૈચ્છિક સંસ્થાઓને આમળાનો રસ કાઢવાનું મશીન તેમજ નાણાંકીય સહાય કરવામાં આવી તે અનુભવોનું આદાન પ્રદાન કરી ભવિષ્યની કાર્યયોજના તૈયાર કરવાનો હતો.

આ કાર્યક્રમમાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આમળાના ગુણોની તેમજ બનાવટોની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત આમળાની બનાવટો, આમળાનો રસ, શરબત, મુરબ્બો, જામ, બરફી, ચટણી, ગળ્યું તેમજ ખાટું અથાણું પ્રત્યક્ષ બનાવીનો નિદર્શન કરાવવામાં આવ્યું હતું.



આ કાર્યક્રમમાં ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી ડૉ. જગદીશ પ્રસાદ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તથા વિવિધ મહિલા સ્વસહાય જૂથ સહિત લાભાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

## રાયપુર પાસેથી સ્વીફટ ગાડીમાંથી ૨૨૮ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક આવેલા રાયપુર ગામ પાસેથી ટાયર પંકચર પડેલી સ્વીફટ કારમાંથી પોલીસે વિદેશી દારૂ પકડી પાડ્યો છે. દહેગામ-નરોડા માર્ગ પર રાયપુર બસ સ્ટેન્ડથી આગળ માઉન્ટ લિટેરીયા સ્કુલ તરફ જવાના માર્ગ સાઈડમાં પડેલી કારમાંથી દારૂનો જથ્થો ડભોડા પોલીસને મળી આવ્યો હતો. બનાવ અંગે ડભોડા પોલીસે રૂ.૨.૯૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ દહેગામ-નરોડા માર્ગ પર રાયપુર ગામ પાસે માર્ગની બાજુમાં ટાયર પંકચર પડેલી સ્વીફટ ગાડી નં.જી.જે.૦૧.આર.ઈ.૩૦૬૨ પડેલી હતી. ડભોડા પોલીસે કારની અંદર તપાસ કરતા ૧૩ પેટી વિદેશી દારૂ અને અન્ય છુટક બોટલ મળીને કુલ ૨૮૮ બોટલ વિદેશી દારૂની મળી આવી હતી. વિદેશી દારૂની કિં.રૂ.૯૧,૨૦૦ તેમજ રૂ.૨ લાખની સ્વીફટ કાર મળી કુલ રૂ.૨.૯૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે કાર નંબરના આધારે ચાલક સામે ગુનો નોંધી આ દારુ કયાંથી લાવવામાં આવી રહ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો તે દિશામાં તપાસ હાથ ધરી છે.

## આ છે આપણી સ્વચ્છતા અને પર્યાવરણનો વાસ્તવિક ચિતાર...!!



ગુજરાત વિધાનસભાના શિયાળુ સત્રના આખરી દિવસે મુખ્યમંત્રીએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો જેના સમર્થનમાં સત્તા પક્ષ દ્વારા વડાપ્રધાને પૂ. બાપુના 'સ્વચ્છતા તથા પર્યાવરણ'ના સંદેશને સાંકળીને જે સ્વચ્છતા અભિયાન ચલાવ્યું તેની પ્રસંશાના તોરણો બાંધવામાં આવ્યા હતા. જો કે સ્વચ્છતા હોય કે પર્યાવરણનું જતન હોય કોઈ પણ મુદ્દે શાબ્દિક ફુલડે વધાવવામાં પાવરધી સરકારે વાસ્તવિક ચિતાર મેળવવાની જરૂર છે. સરકાર જયાં બિરાજે છે તે પાટનગર ગાંધીનગરમાં જ રસ્તા પર કચરાના ખડકલાં હોય અને તેમાં બેરોકટોક ચરતી 'ગાય માતા' હોય તે દૃશ્ય સરકારની 'સ્વચ્છતા' અને 'પર્યાવરણ જતનના દાવાઓ'ની આબરૂના લીરેલીરાં ઉડાડે છે ત્યારે પૂ. બાપુની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી કેટલી સાર્થક કહેવાશે? આવા દૃશ્યો તો રાજયના દરેક શહેર અને ગામમાં આસાનીથી જોવા મળી રહ્યા છે.

## આવતીકાલે આત્મહત્યા નિવારણ વિષયે કાર્યક્રમ 'મે આઈ હેલ્પ યુ?'

### ઓરિએન્ટેશન, નાટક તથા ચર્ચા સાથેના વિશિષ્ટ કાર્યક્રમમાં જાહેર જનતાને વિના મૂલ્યે જાહેર આમંત્રણ

ગાંધીનગર, તા.૧૧

આજે ટેકનોલોજીના ઝડપી વિકાસ સાથે સ્પર્ધાત્મક જીવનશૈલીના યુગમાં વિશ્વભરમાં માનસિક તણાવમાં દિન પ્રતિદિન વધારો થતો જોવા મળી રહ્યો છે. વિશ્વમાં દર ૪૦ સેકન્ડે એમ ભારતમાં દર ચાર મિનિટે એક વ્યકિત આત્મહત્યા કરી રહી છે. સતત વધતી જતી આત્મહત્યાઓના આંકડા વધુને વધુ નિરાશાવાદી માહોલ ખડો કરી રહ્યા છે તેને અનુલક્ષીને ગાંધીનગરની સંસ્થા 'શોધન ફાઉન્ડેશન' દ્વારા એક પહેલના ભાગરૂપે તા. ૧૩મી ડિસેમ્બર શુક્રવારે સાંજે ૬.૧૫ કલાકે શહેરના સે-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે 'મે આઈ હેલ્પ યુ?' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આત્મહત્યા નિવારણ વિષય પર ઓરિન્ટેશન, નાટક અને ડીસ્કશન જેવા વૈવિધ્યસભર માધ્યમો થકી પ્રસ્તુત કરવામાં આવશે.

ગાંધીનગરમાં શૈક્ષણિક, સામાજિક, સાંસ્કૃતિક, આરોગ્ય તેમજ ગ્રામીણ અને કૃષિ વિકાસ અંગે કાર્યરત સંસ્થા 'શોધન ફાઉન્ડેશન' દ્વારા 'મે આઈ હેલ્પ યુ?' કાર્યક્રમને પ્રોજેકટ તજજ્ઞો અને કોમ્યુનિકેશન ફેસિલિટર્સની મદદથી સઘન અભ્યાસ તથા વિશ્લેષણ સાથે તૈયાર કરાયો છે. આ કાર્યક્રમ બાળકો, યુવાઓ, વડીલો તેમજ વરિષ્ઠ નાગિરકોની જાગૃતિ તથા સમજણમાં અભિવૃધ્ધિ કરવાના હેતુથી તૈયાર કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ ગાંધીનગરના આંગણે પ્રથમવાર યોજાઈ રહ્યો છે. જેમાં શહેરીજનોને વિના મૂલ્યે જાહેર આમંત્રણ સંસ્થા દ્વારા પાઠવવામાં આવ્યું છે.



શહેરના સેકટર-૪-બીમાં પ્લોટ નં. ૩૮૬/૧ સામે તુટેલી ગટર ચેમ્બર આ વિસ્તારના રહીશો ખાસ કરીને બાળકો તથા વયોવૃધ્ધ વડીલો માટે જોખમી સ્થિતિમાં છે જેને સત્વરે રીપેર કરાય તેવું વસાહતીઓ ઈચ્છી રહ્યા છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**
**પતિ પત્નિ ઔર વો**
૮.૫૦, ૧૦.૧૦, ૧૧.૪૦, ૨.૩૦, ૩.૩૦, ૫.૨૦, ૬.૩૦, ૮.૧૦, ૯.૩૦, ૧૧.૦૦
**પાનીપત**
૯.૩૦, ૧૧.૪૫, ૧.૦૦, ૩.૧૫, ૬.૪૫, ૧૦.૧૫
**હેલ્લારો (ગુજરાતી)**
૪.૩૦, ૧૦.૦૫
**કમાન્ડો ૩**
૭.૧૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**
**પતિ પત્નિ ઔર વો**
૮.૫૫, ૧૧.૩૦, ૨.૨૦, ૪.૩૦, ૫.૧૦, ૭.૧૫, ૮.૦૦, ૧૦.૫૦
**પાનીપત**
૯.૦૦, ૧૦.૧૫, ૧.૦૦, ૧.૫૦, ૩.૧૫, ૫.૨૫, ૬.૪૫, ૯.૦૦, ૧૦.૧૫
**કમાન્ડો-૩**
૧૦.૧૦, ૧.૩૫, ૧૦.૦૦
**હોટલ મુંબઈ**
૧૨.૩૦, ૧૦.૧૫
**હેલ્લારો (ગુજરાતી)**
૭.૩૫
**૨૪ કેરેટ પિત્તળ (ગુજરાતી)**
૪.૨૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**
**પતિ પત્નિ ઔર વો**
૯.૦૦, ૧૦.૧૫, ૧૧.૩૦, ૧.૦૦, ૨.૧૫, ૩.૪૫, ૫.૦૦, ૬.૩૦, ૭.૪૫, ૯.૧૫, ૧૦.૩૦
**પાનીપત**
૯.૧૦, ૧૦.૦૦, ૧.૩૦, ૩.૦૦, ૫.૦૦, ૬.૩૦, ૮.૩૦, ૧૦.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૧૦.૩૫, ૬.૫૦
**કમાન્ડો-૩**
૧.૧૫, ૯.૩૦
**હોટલ મુંબઈ**
૪.૦૫

**સિટી પલ્સ, કુડાસણ**
**પતિ પત્નિ ઓર વો**
૧૨.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
**પાનિપત**
૨.૧૫, ૫.૪૫, ૯.૩૦, ૧.૦૦, ૭.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૨.૧૫, ૭.૩૦, ૧૦.૧૫
**ચાલ જીવી લઈએ - ૧૧.૩૦**
**કમાન્ડો-૩**
૪.૪૫, ૧૦.૦૦

## ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની શનિવારે બેઠક

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહજી બિહોલાના અધ્યક્ષસ્થાને તા.૧૪મી ડીસેમ્બરના શનિવારે સવારે દશ વાગે સેકટર-૫ના બગીચામાં જનરલ સભા યોજેલ છે. સદર સભામાં હોદ્દેદારો, વિવિધ સેકટરોના વસાહત મંડળોના પ્રમુખ, મંત્રીશ્રી, આગેવાનો, સામાજિક, સેવાકીય સંસ્થાના પદાધિકારીશ્રીઓ મોટી સંખ્યામાં હાજર રહેશે.

મીટીંગમાં સંસ્થાની કામગીરીનો અહેવાલ શહેરની સળગતી વિવિધ સમસ્યાઓની ચર્ચા તથા નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવશે.

## વિશ્વકર્મા સેવા સમાજનો ૨૨મીએ સ્નેહમિલન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૧

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા સ્નેહમિલન તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ તા. ૨૨ ડીસેમ્બરના રોજ બપોરે ત્રણ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ સે-૧૨ ગાંધીનગર ખાતે યોજાશે. સંસ્થાના તમામ સભ્યોને હાજર રહેવા માટે પ્રમુખ બિપીનભાઈ ગજ્જરે જણાવેલ છે.

## ચિરવિદાય

● સ્વ. પટેલ સિતાબેન ધનાભાઈ, ઉ.વ. ૮૧